| | | | |
|---|---|---|---|
| GJAR030004782013 | | રજુ તારીખ: | ૧૯–૦૮–૨૦૧૩ |
| | | દાખલ તારીખ: | ૧૯–૦૮–૨૦૧૩ |
| | | ફેસલ તારીખ: | ૩૦–૦૬–૨૦૨૬ |
| | સત્य मेव जयते | સમયગાળો: | **વર્ષ–માસ–દિવસ**<br>૧૨ ૧૦ ૧૧ |

**ભિલોડાના મે.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**
**મુ.ભિલોડા, જી.અરવલ્લી – મોડાસા**

**ફોજદારી કેસ નં.૧૧૪૫/૨૦૧૩**
**આંક–**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| **ફરીયાદી તર્ફે** | **વિ.એ.પી.પી.શ્રી. કે.એન.સિસોદીયા** |
| –:: વિરૂધ્ધ::– | |
| આરોપીઓ | (૧) મહેશભાઇ કાનજીભાઇ મોરી , ઉ.વ.૩૯<br>(૨) નરેશભાઇ કાનજીભાઇ મોરી , ઉ.વ. ૨૪<br>(૩) નટુભાઇ કાનજીભાઇ મોરી , ઉ.વ. ૨૫<br>(૪) કાનજીભાઇ વિરજીભાઇ મોરી (એબેટ),ઉ.વ.૬૨<br>તમામ રહે.ભાણમેર, તા.ભિલોડા,જી.અરવલ્લી |
| **આરોપીઓ તર્ફે** | **વિ.વકીલ શ્રી : બી.એમ.ભગોરા** |

**ગુન્હો : –** ઈન્ડીયન પીનલ કોડની કલમ: ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જી.પી.એક્ટ – ૧૩૫, મુજબ.....

**– :: ચુકાદો :: –**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૦૨/૦૭/૧૩ ના કલાક.૧૩/૦૦ વાગ્યાના અરસામા

મોજે : ભાણમેર ગામે આ કામના આરોપી ઓના ફરિયાદીના ખેતર થઇ ગધેડા ઉપર ઇટો લઇ જતા હોઇ સા.કહેવા જતા આરોપીઓએ એકદમ ઉશ્કેરાઇ જઇ બીભત્સ ગાળો બીભત્સ ગાળો બોલી સા.સીગાજી તથા કલ્પેશભાઇ ને શરીરે તહો.નં.૧ તથા ૨ ના એ માર મારી ઇજાઓ કરી તથા નં. ૩, ૪ નાએ ગાળો બોલી જાન થી મારી નાખાવની ધમકીઓ આપી એક બીજા ને મદદગારી કરી જાહેર નામાનો ભંગ કરી ગુનો કયા" વી.બાબત ગુન્હો કરી ઈ.પી.કો કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જી.પી.એકટ – ૧૩૫, મુજબ નો ગુનો કરેલ તે મતલબ ની ફરીયાદ ફરીયાદી એ આપેલ. ત્યાર બાદ આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ કરી, તપાસના અંતે આપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા સદરહુ કામે ચાર્જશીટ રજુ કરેલ.

(૨) ત્યાર બાદ તમામ આરોપીઓને સમન્સ કાઢતા તેઓ અદાલત સમક્ષ કાજર થતા, તેમને પ્રિ.પો.કો.ની કલમ–૨૦૭ અન્વાથે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ, તેમની વિરુધ્ધના ગુનાઓ સામબ આંક–૨૬ થી હોમતનામું ફરમાવી આંક–૨૭ થી ૩૦ સુધી નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ હોમતની કબુલાતનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવા માં આવેલ.

(૩) ફરિયાદ પક્ષ તરફ થી સદરહુ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | પુરાવો | આંક |
|---|---|---|
| ૧ | **ફરીયાદી** કાવીબેન રામજીભાઇ મોરી ની જુબાની | ૫૫ |
| ૨ | ફરિયાદ | ૫૬ |
| ૩ | **સાહેદ** કાંતાબેન સીગાજી મોરી ની જુબાની | ૫૮ |
| ૪ | **સાહેદ** કલ્પેશભાઇ રામજીભાઇ મોરી ની જુબાની | ૫૯ |
| ૫ | **સાહેદ** સીગાભાઇ રામજીભાઇ મોરી ની જુબાની | ૬૦ |
| ૬ | **પંચ સાહેદ** નરસ્હિભાઇ બાબુભાઇ કટારાની જુબાની | ૬૩ |

| | | |
|---|---|---|
| ૭ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૬૪ |
| ૮ | **પંચ સાહેદ** શાંતીલાલ દલાજી ખરાડી ની જુબાની | ૬૫ |
| ૯ | **પંચ સાહેદ** નરસ્હિભાઇ બાલુભાઇ અસારીની જુબાની | ૧૦૦ |
| ૧૦ | પંચનામાની ખરી નકલ | ૧૦૧ |
| ૧૧ | **સાહેદ** મુકેશભાઇ કોદરભાઇ ચામઠાની જુબાની | ૧૧૦ |
| ૧૨ | **સાહેદ** લીલાબેન મુકેશભાઇ ચામઠાની જુબાની | ૧૧૧ |
| ૧૩ | **સાહેદ ડૉ.** દિનેશકુમાર સુખદેવભાઇ ચૌધરી નીજુબાની | ૧૧૮ |
| ૧૪ | એમ.એલ.સટી" | ૧૧૯ |
| ૧૫ | ઓ.પી.ડી.કેસ પેપર | ૧૨૦ |
| ૧૬ | એમ.એલ.સી.સટી" | ૧૨૧ |
| ૧૭ | ઓ.પી.ડી.કેસ પેપર | ૧૨૨ |
| ૧૮ | **સાહેદ** દર્શના કાંતીલાલ તબીચાડ ની જુબાની | ૧૨૩ |
| ૧૯ | એમ.એલ.સી. | ૧૨૪ |
| ૨૦ | રીફ્ડ નોટ | ૧૨૫ |
| ૨૧ | એમ.સી.સી.સટી" | ૧૨૬ |
| ૨૨ | રીફ્ડ નોટ | ૧૨૭ |
| ૨૩ | સાહેદ નં.૧૭ (એબેટ) | ૧૩૦/૧ |
| ૨૪ | **આઇ.ઓ.** રમણભાઇ પુજાભાઇ ની જુબાની | ૧૪૯ |
| ૨૫ | સુચિપત્ર | ૧૫૦ |
| ૨૬ | જાહેરનામુ | ૧૫૧ |
| ૨૭ | સમાધાન પુરસીસ | ૧૭૦ |
| ૨૮ | કલોઝિંગ પુરસીસ | ૧૭૧ |

(૪) ત્યાર બાદ ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીઓનું ક્રીમી.પો.કો. ક.૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોઈ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અમો નિદોર્ષ છીએ અમારી સામે ખોટો કેસ કરેલ હોવાનું કથન કરેલ. ત્યારબાદ બન્ને પક્ષે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**– :: મુદ્દાઓ :: –**

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા.૦૨/૦૭/૧૩ ના કલાક.૧૩/૦૦ વાગ્યાના અરસામા મોજે : ભાણમેર ગામે આ કામના આરોપીઓના ફરીના ખેતર થઇ ગધેડા ઉપર ઈટો લઈ જતા હોઈ સા.કહેવા જતા આરોપીઓએ એકદમ ઉશ્કેરાઇ જઈ બીભત્સ ગાળો બીભત્સ ગાળો બોલી સા.સીગાજી તથા કલ્પ્ેશભાઇને શરીએ તહો. નં. ૧ તથા ૨ નાએ માર મારી ઈજાઓ કરી તથા નં.૩, ૪ નાએ ગાળો બોલી જાનથી મારી નાખાવની ધમકીઓ આપી એક બીજાને મદદગારી કરી જાહેરનામાનો ભંગ કરી ગુનો કયા" વી.બાબત ગુન્હો કરી ઈ.પી.કો કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જી.પી.એકટ – ૧૩૫, મુજબનું શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–
(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

**– :: કારણો :: –**

(૭) આ તબ્બકે, અહી નોંધવું જરૂરી છે કે, ઉપરોક્ત વિગતે રેકર્ડ પર રજુ થયેલ સાહેદી અને સ્તાવેજી પુરાવા નું એક સાથે મુદા નં – ૧ અને ૨ ના નિર્ણય પર પહોચવા માટે એક સાથે સમગ્ર પુરાવા અને તકરારી હકીકતો નું મુલ્યાંકન કરતા પહેલા આરોપીઓ દ્ધારા જે ગુનો આચરવાનો આક્ષેપ કરવામાં આવેલ છે, ફરીયાદ પક્ષ તરફે ઈજા પામનાર અને ફરીયાદી સાહેદો કે જે આ ગુન્હાના કામે મહત્વના સાહેદો હોઈ અને બનાવમાં અફેકટેડ પાર્ટી હોઈ તેઓનો સોગંદપરનો પુરાવો ફરીયાદ પક્ષે રેકર્ડ થયા બાદ આંક – ૧૭૦ થી ૧૭૧ બન્ને સાહેદોએ આ કામના તમામ આરોપીઓ સાથે કોર્ટ બહાર સમાધાન કરેલ હતું. જે અંગે અંત્રેની કોર્ટમાં અરજી પર નિર્ણય લેતા પહેલા અત્રેની કોર્ટ દવારા અગત્યના ચુકાદાઓ સાથે કાયદાકીય જોગવાઈ પણ ધ્યાને લીધેલ હતા, જેમાં, **Section** – 320 (1)(2)(3)(8)

**of Cr.P.C and IPC Section** 325 & 504 2005 **Cr.l.j** 2352 (**Kant**) **State of Karnataka V/s Cybrial**. **Hon'ble Court has Ruled that,** A Case may be compounded at any time before sentence is pronounced even whilst the Magistrate is writing the judgment. વધુમાં, **In the case of Santosh Kumar V/s State of M.P** 1986 (2) **Crimes** 445, The Hon'ble court has held that: The policy of law as contained in this section is to promote friendliness between the parties so that peace between them is restored. વધુમાં, **In the case of Chiranjit lal V/s State of Up** 1982 (3) **SCC** 370 The Hon'ble court has held that, Where the complainant have compromised, received compensation and no rancor is now left in their heart, the court would grant permission to compound the offence. વધુમાં, **in the case of Phoolsing V/s State of Chhatisghar**, 2004 (2) **Crimes** 314 Where under Sec. 325 of IPC, parties had amicbly settled the dispute, had ben residing in the same village peacefully permission to compound was granted. વધુમાં, **In the case of Hindu singh Vis. State of Uttar pradesh**, 1982 (3) **SCC** 368. where the parties are closely related, the court would grant permission to compound offence under Sec. 325. **In the case of Khursheed V/s. State of U.P** (2007) 12 **SCC** 6, Where accused were charged under Sec. 325, 323, read with Sec 34, parties were neighbour, to consitute sweet relationship between the parties permission to compound offence was granted. વધુમાં, **In the case of Mohd. Rafi V/s. State of U.P AIR** 1998 **SCW** 2349. The Hon'ble court has held, that, Where the accused and the injured have settled the matter Voluntarily duly corroborated by the neighbour's affidavits, Permission to Compound the

offence under Sec. 325 IPC was accourded. ઉપરોકત ચુકાદાઓ ધ્યાને લઈ અત્રેની કોર્ટ દવારા ઉપરોકત ચુકાદોઓને લક્ષે લઈ બન્ને પક્ષકારોની અરજી પર નીચે મુજબની નિર્ણય લેવામાં આવેલ હતો – "હાથ પરના કામે, આરોપીઓ તેમજ ફરીયાદ પક્ષ તરફે સંયુકતમાં હાલની અરજી કોર્ટ સમક્ષ રજુ કરી દાદ માંગેલ છે કે, ફરીયાદી, ઈજા પામનાર અને આરોપીઓ વચ્ચે સમાજના આગેવાનો અને ઘરના માણ સોની મધ્યસ્થીથી કોર્ટ બહાર ઇ.પી.કો. કલમ – ૩૨૩, ૫૦૪, સાથે કલમ – ૧૧૪ મુજબના ગુન્હાના કામે સુખદ સમાધાન થયેલ છે  અને ભવિષ્યમાં બનાને પક્ષકારો વચ્ચે સુમેળ ભર્યા સબંધો બનેલ રહે અને કોઈ વાદ વિવાદ ઉપસ્થિત ન થાય અને કોઈ ઝઘડો તકરાર ન રહે તથા કાયમી શાંતિ જળવાય તે હેતુથી તથા ફરીયાદી, ઈજા પામનાર તથા આ કામના આરોપીઓ એક જ સમાજના અને નજીકના કુટુંબી સગા થતા હોઈ કોર્ટ બહાર સમાધાન થયેલ હોઈ ઇ.પી.કો.કલમ – ૩૨૩, ૫૦૪, સાથે કલમ – ૧૧૪ સી.આર.પી.સી. કલમ – ૩૨૦, શીડયુલ  મુજબ કોર્ટ પરવાનગી ની જરૂર ના હોઈ સમાધાન લાયક હોઈ જેથી હાલની આંક – ૧૭૦ ની અરજી નામ.કોર્ટ પાસે ઉપરોકત કલમોમાં સમાધાન સ્વીકારી સમાધાન કરવા પરવાનગી આપવા અરજ કરેલ છે. સદર અરજી અનુસંધાને પ્રોસીકયુશન એડવોકેટ શ્રી. કે.એન.સીસોદીયા નાઓને સાંભળ્યા તથા અરજી પર તેઓનો શેરો વંચાણે લીધો રજુઆત સાંભળી. સદર કામે ફરીયાદી પક્ષે ઈજા પામનાર નાઓએ આંક – ૧૭૦ થી કોર્ટમાં પુરશીસ થી જાહેર કરેલ છે કે, તેઓને સમાધાન થઈ ગયેલ હોઈ અને તેઓને આરોપીઓ પાસે થી કોઈ વળતર લેવાનું રહેતુ નથી તે બદલની પુરશીસ તેઓએ થી નામ, કોર્ટમાં જાહેર કરેલ છે. સી.આર.પી.સી.કલમ – ૩૨૦ ની જોગવાઈ ધ્યાને રાખતા શીડયુલ મુજબ ઇ.પી.કો.કલમ – ૩૨૫ કોર્ટ પરવાનગી થી સમાધાન લાયક છે. આ કામે ફરીયાદ પક્ષ તરફે આંક – ૧૭૦ થી તમામ આરોપીઓ અને ફરીયાદી, સાહેદો અને ઈજા પામનાર વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાની પુરસીસ નામ. કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે તથા આંક – ૧૭૦ થી ઈજા પામનાર નાઓએ રાજીખુશીથી સમાધાન કરેલ હોવાનું જાહેર કરલે હોઈ તથા ફરીયાદીએ પણ સદરહું સમાધાન તેઓની મરજી થી અને રાજીખુશી થી કોઈ પણ દબાણ વગર કરેલ હોવાનું જાહેર કરેલ છે. આંક – ૧૭૦ થી ૧૭૧ ના સમર્થનમાં કરેલ છે. જે બન્ને સમાધાન નામ. કોર્ટમાં વાંચી સંભળાવતા બન્ને પક્ષે નાઓ ઈજા

પામનાર સાહેદ તથા ફરીયાદી સાચી અને ખરી હોવાનું અને તેમની મરજીથી કરેલ હોવાનું અને તેમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવેલ છે તથા આંક – ૧૭૦ થી ૧૭૧ માં પણ તમામ ફરીયાદી, સાહેદો ઈજા પામનાર અને આરોપીઓએ સદર પુરશીસ અને સમાધાન કરવાની અરજી પોતાની રાજીખુશીથી કરેલ હોવાનું અને તેમાં પોતાની સહી ઓળખી બતાવતા હોવાનું કોર્ટમાં જાહેર કરતા હોય આ તબકકે સી.આર.પી.સી.કલમ – ૩૨૦ ની જોગવાઈ ધ્યાને રાખતા તથા નામ. સર્વોચ્ચ અદાલતનો ચુકાદો, **The Hon'ble Supreme Court in the case of Kulwinder Singh and Ors. Vs State of Punjab and Anr.** 2007(3) **RCR (Cri)**, & **Madan Aichan abber vs State of Panjab** 2008(2)**RCR (Cri)** The Hon'ble Court has held that – (1) No useful purpose would be served in continuing with the proceedings in the light of the compromise there was no possibility of conviction. (2) It is advisable that in the disputes where question involved is of purely personal nature and no public policy in involved–coure should ordinarily accept the compromise. (3) Keeping the matter alive with no passibility of conviction is luxury which the courts, grossly overburdened as they are, cannot afford, આમ ઉપરોકત હકીકત ધ્યાને રાખતા હાલની ફરીયાદ અને ચાર્જશીટ પર્સનલ નેચર ની હોય અને તેમા કોઈ સરકાર વિરુધ્ધનો ગુન્હો બનતો હોય તેવું જણાઈ આવતું નથી. વધુમાં, **Chiranjitlal Vs. State of UR** (1982) 3 **SCC** 370(2) વાલા ચુકાદામાં એવું હેલ્ડ પ્રસ્થાપિત કરલે છે કે, (૩), Where the Complainants have compromised receive compensation and no rencor is now left in their heart, the Court would grant permission to compound the offence. વધુમાં, ઉપરોકત મુજબની કલમો સમાધાન પાત્ર હોય અને આરોપી અને ફરીયાદી એકબીજાના નજીક સગા હોય અત્રેની કોર્ટમાં આંક – ૧૭૦ થી ૧૭૧ ની પુરસીસમાં જણાવેલ ગુનામાં બનને પક્ષકારો વચ્ચે ભવિષ્યમાં સુમેલ બંધાય અને ભવિષ્યમાં કોઈ તકરારો ન રહે તે શુભ આશયથી સમાધાન સ્વીકારવા પાત્ર જણાય છે. વધુમાં બનને

પક્ષકારો તરફે હાલનું સમાધાન મંહદ અંશે પુરાવો રેકર્ડ થઈ ગયા બાદ સમાધાન રેકર્ડ પર રજુ કરેલ હોય અને કોર્ટનો કિંમતી સમય વ્યય કરેલ હોઈ તે સંજોગોમાં ઇ.પી.કો. કલમ – ૩૨૩, અને ૫૦૪ તથા ૧૧૪ મુજબના ગુનાના કામે થયેલ સમાધાન ન્યાયના હીતમાં સ્વીકારવા પાત્ર જણાતી હોય અને ભવિષ્યમાં બન્ને પક્ષકારો વચ્ચે સુમેળ ભર્યા સબંધો સ્થાપીત થાય તે હેતુથી આંક – ૧૭૦ થી ૧૭૧ તળે સંયુક્ત રીતે નીચે મુજબની ન્યાયના હિતમાં હુકમ ફરમાવવામાં આવે છે. ઉપરોકત મુજબની બન્ને પક્ષકારોની રજુઆત તથા રેકર્ડ પર ની હકીકત થવાને રાખતા તથા ઉપરોકત બન્ને ચુકાદા ધ્યાને રાખતા સદર ક્રિમીનલ કેસોમાં ફરીયાદી અને સાહેદો અને ઈજા પામનાર સાહેદ તથા આરોપીઓ વચ્ચે થયેલ સમાધાન ની હકીકત ધ્યાને રાખતા પ્રાઈવેટ નેચરનો હોઈ અને સરકાર વિરુદ્ધનો મુળ ગુન્હો બનતો ન હોઈ તે સંજોગોમાં અત્રેની કોર્ટને સી.આર.પી.સી. કલમ ૩૨૦(૧)(૨)(૩)(૮) ની જોગવાઈ હેઠળ મળેલ વિવેકાધીન સતાઓને ધ્યાને રાખતા સમાધાન સ્વીકારવાનો હુકમ કરવામાં આવે છે. ફરિયાદી અને ઇજા પામનાર અને આરોપીઓ દ્વારા કોર્ટ બહાર ઇ. પી.કો કલમ – ૩૨૩, સાથે કલમ – ૫૦૪, ૧૧૪ મુજબના ગુન્હાના કામે સમાધાન થયેલ હોવાનું જાહેર કરેલ છે. સી.આર.પી.સી. કલમ – ૩૨૦(૧)(૨)(૩)(૮) ની જોગવાઈ ધ્યાને રાખતા તે ગુન્હા પુરતું સમાધાન સ્વીકારવામાં આવે છે આરોપીઓ પર બાકીની કલમો આઇ.પી.સી, કલમ – ૫૦૬(૨), ૧૧૪, તથા બી.પી.એક્ટ ની કલમ – ૧૩૫ પુરતો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૮) આ તબબકે, ઇ.પી.કો, કલમ – ૫૦૬(૨), ૧૧૪ તથા, બી. પી. એક્ટ ની કલમ – ૧૩૫, મુજબના ગુન્હા પૂરતી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, **આ કામમાં ફરીયાદ પક્ષે ફરીયાદી પક્ષે ફરીયાદી કાવીબેન રામજીભાઇ મોરી ને આંક–૫૫** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે મારા છોકરાઓ ખેતર સાફ કરતા હતા શરીરના ભાગે ઈજા થયેલ હોય બનાવ સબધે ફરીયાદ આપેલ અસલ ફરીયાદમા મારા અગુઠાનુ નિશાન છે આરોપીઓ લાકડી બતાવવામા આવે તો ઓળખી શકુ નહિ. **જયારે બચાવ પક્ષે,** કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે, આરોપીઓ મારા

કુટુબી છે આરોપીઓ વચ્ચે જમીનના ઝઘડા ચાલે છે જમીનમા થઇને જવુ પડે બનાવના દિવસે આરોપીઓ મકાન બનાવવા ઝઘડો થયેલો ફરીયાદ પોલીસ એમની રીતે લખી લીધેલી આરોપીઓને જામીનના ઝઘડા ચાલતા હોય ખોટી ફરીયાદ આપેલ છે. **ત્યાર બાદ ફરીયાદ પક્ષે,** સાહેદ **કાંતાબેન સીગાજી મોરી ને અંક – ૫૮** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જાણાવેલ છે કે, બનાવના વખતે હુ બીમાર હતી મારા પતિ તથા મારા ખેતરમા આવીને ઉપર પડેલા આરોપીઓ લાડકી અને કુહાડી હતી મારા પતિ સારવાર માટે લઇ ગયેલા મારા દિયરને શરીરે ઈજા થયેલ હતી આરોપીઓને ઓળખુ છુ. **જયારે બચાવ પક્ષે,** કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે, અમારી જમીન થઇને જવુ પડે મારા પતિને શુ માયુ" કહી શકુ નહી મારા ઘરેથી જોયેલા આરોપીઓ કુહાડી હકીકત હુ ખોટી જણાવુ છુ ફરીયાદી મારા સાસુ થતા હોય હુ ખોટી જુબાની આપુ છુ. **ત્યાર બાદ ફરીયાદ પક્ષે,** સાહેદ **કલ્પેશભાઇ રામજીભાઇ મોરી ને આંક – ૫૯** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જાણાવેલ છે કે,બનાવ ત્રણ વર્ષ પહેલા બનેલો હુ ઘરે આવેલો અને જોયેલ તો ઝઘડો થયો હતો ગાળો બોલવાવાળા મારા કાકાના દિકરા ત્રણ ભાઇઓ હતા ત્રણેએ ભાઇઓ પાસે લાકડી હતી. **જયારે બચાવ પક્ષે,** કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે,બનાવ વીશે મને કોઇ જાત માહિતી નથી. **ત્યાર બાદ ફરીયાદ પક્ષે,** સાહેદ **સીગાભાઇ રામજીભાઇ મોરી ને આંક – ૬૦** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જાણાવેલ છે કે, બનાવ ખેતરની સફાઇ કરતા હતા ત્યારે ગાળો બોલી કહેતા હતા ઈટો કેમ લઇ મારવા આવેલા બનાવમા મહેશભાઇ અને નરેશભાઇ બરડામા લાકડીઓ મારેલી દવાખાને લઇ ગયેલા બનાવ મારાભાઇ કલ્પેશભાઇ દવાખાને લાવેલા વધુ સારવાર માટે હિમતનગર લઇ ગયેલા લાકડીથી મારેલ ઓળખી શકુ નહી મારવાળાને હુ ઓળખુ છુ તેમા મહેશભાઇ કાનજીભાઇ નરેશભાઇ કાનજીભાઇ કોટ"મા હાજર છે. **જયારે બચાવ પક્ષે,** કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે,આરોપીઓના ઘરે જવુ હોય તો મારી જમીનમા થઇને જવુ પડે ત્રણેય ભાઇઓ લાકડી લઇને

મારવા આવેલાની હકીકત હુ ખોટી જણાવુ છુ એ વાત ખરી નથી કે ફરીયાદી કાળીબેન મારા માતા થતા હોય તેમના સમર્થનમા હુ ખોટી જુબાની આપુ છુ. ત્યાર બાદ ફરીયાદ પક્ષે, સાહેદ **મુકેશભાઈ કોદરભાઈ ચામડા ને અંક–૧૧૦** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જાણાવેલ છે કે, બનાવ ૧૦ વર્ષ પહેલા મુકામે બનેલો મારી ઘરવાળી લીલા ગધેડા લઈ ને ઈટવાડામા ઈટો ભરવા જતા હતા આ ત્રણમાથી સીગાજીસ માથામા કપાડના ભાગે પથ્થર મારેલો ૧૦૮ આવેલી અને તારાબેન નટુભાઈને દવાખાને સારવાર માટે લઈ ગયેલા પોલીસે મારો જવાબ લીધેલો. **જયારે બચાવ પક્ષે,** કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે,મહેશભાઈ અને નરેશભાઈ બીજા કોઈને માર મારેલ નથી મહેશભાઈ અને તારાબેન માર મારતા હતા. **ત્યાર બાદ ફરીયાદ પક્ષે,** સાહેદ **લીલાબેન મુકેશભાઈ ચામઠા ને અંક–૧૧૧** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જાણાવેલ છે કે, બનાવ મારા ઘરવાળા ગધેડા લઈને ઈટોવાડામા ભરવા લઈ જતા હતા ઈટો મારે સાથે હતા ત્રણમાથી એક વ્યકિતને તારાબેનને પથ્થર મારેલો નામ.કોર્ટમા હાજર નથી પોલીસે મારો જવાબ લીધેલો. **જયારે બચાવ પક્ષે,** કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે,મહેશભાઈ અને નરેશભાઈ બીજા કોઈને માર મારેલ નથી. **ત્યાર બાદ ફરીયાદ પક્ષે,** સાહેદ **ડૉ.દિનેશકુમાર સુખદેવભાઈ ચૌધરી ને અંક–૧૧૮** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જાણાવેલ છે કે,ઈમરજન્સી ફરજ હાજર હતો દર્દી (૧) જમણી ઢીભણની ઉપર ચકામ હતા માપ આશરે ૬x૪ સે.મી.નુ હતુ (૨) પેટની જમણી સાઈડે ચકામા જેનુ નામ ૮x૬ સે.મી.ના હતા (૩) પીઠની પાવળના ભાગે ચકામા ૧૨x૪ સે.મી. અને ૮x૩ સે.મી.ના હતા (૪) પીઠની ડાબી સાઈડે નીચેના ભાગે ચકામા જેનુ માપ ૭x૩ સે.મી.ના હતા (૫) ડાબી સાઈડે પીઠની પાછળના ભાગે ચકામા ૬x૨ સે.મી. હતા (૬) ડાબી બાહ ઉપર ચકામા ૫x૩ સે.મી.ના હતા એમ.એલ.સી.નુ ૪૭૬/૧૩ સારવાર સર્ટી આપેલ હસ્તાક્ષરમા લખેલ આંક:૧૧૯ તેમજ આજરોજ મારી સાથે ઓ.પી.ડી.કેસ જણાતા ભિલોડા પો.સ્ટ. વધી" લખાવેલ લાકડીથી મારા મારેલાનુ જણાવેલ અને બી.પી.પલ્સ સામાન્ય

હતુ નીચે મુજબની ઈજાઓ જણાયેલી (૧) ડાબા પગે દુખાવો હતો (૨) છાતીના ડાબે સાઈડે છોલાયેલા ઘા ૪x૨ સે.મી.હતા (૩) જમણી બાહ ઉપર ચકામા ૨x૧ સે.મી.ના હતા સારવાર સર્ટી" આંક:૧૨૧ તેમજ આજરોજ મારી સાથે ઓ.પી.ડી. કેસ પેપર લાવેલ છુ આંક:૧૨૨ દર્દીને હિસ્ટી મુજબ એમ.એલ.સી. કેસ જણાતા ભિલોડા પો.સ્ટ. લખાવેલ. **જયારે બચાવ પક્ષે,** કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે,દદી" સાથે બીજા બે ચાર માણસો આવેલા હતા એ વાત ખરી છેકે દર્દીઓનુ ચોકકસ નિદાન કરેલ નહી. **ત્યાર બાદ ફરીયાદ પક્ષે** સાહેદ **ડૉ. દર્શના કાંતીલાલ તબીયાડ ને અંક-૧૨૩** થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જાણાવેલ છે કે,દર્દીને પોતાની હિસ્ટીમા જણાવેલ કે, વ્યકિતએ લાકડીથી તેમના ખેતરમા માર મારેલ આ હિસ્ટી જાતે લખાવેલ ડાબા પગના ઘુટણે દુખાવો જણાવેલ બાહય કોઈ ઈજાઓ જોવા મળેલ નહી બોથડની પદાર્થથી થઇ શકે તેવી હતી એમ.એલ.સી. નં.૩૧૧૯/૧૩ સારવાર સર્ટી આપેલ અસલ સારવાર સર્ટી રજુ દા.આંક.૧૨૪ તેમજ આજરોજ મારી સાથે ભિલોડા કોટેજ હોસ્પટલ રીફર નોટ લાવેલ ડાબા હાથની પહેલી આગળીના ટોચ ઉપર ૨ સે.મી. x૦.૫ સે.મી. નો ઘસરકો જોવા મળેલ મારી સહી તથા હોદ્દાનો સીકકો છે સારવાર સર્ટી રજુ દા. આંક.૧૨૬ તેમજ આજરોજ મારી સાથે ભિલોડા કોટેજ હિોસ્પટલની રીફર નોટ લાવેલ છુ આંક.૧૨૭. **જયારે બચાવ પક્ષે,** કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે,દદી" સાથે બીજા બે ચાર માણસો આવેલા એ વાત ખરી છેકે આવા પ્રકારની ઈજા ડુગરાળ અને પથ્થર વાળી જગ્યાએ થી પડી જવાથી થઇ શકે ઈજાઓ સામાન્ય પ્રકારની હતી. **ત્યાર બાદ ફરીયાદ પક્ષે,** આઇ.ઓ. રમણભાઈ પુંજાભાઈ ને અંક – ૧૪૯ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદપરની જુબાનીમાં જાણાવેલ છે કે,ફરીયાદ આધારે ભિલોડા પો.સ્ટ. ગુ.ર.નં.૩૧૯૧/૧૩ થી ઈ.પી.કો. કલમ.૩૨૩,૫૦૪,૫૦૬(૨), તથા જી.પી.એકટ .૧૩૫ મુજબનો ગુનો ડેપ્યુટ હુકમ સાથે સોપતા તપાસ અમોએ સાભળીલે આંક:૧૫૦ ત્યારબાદ ફરીયાદીની ફરીયાદ હકીકત ધ્યાને લઈ બનાવવાળી જગ્યાએ ગયેલા આંક:૬૪ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમા બંન્ને પંચો

તથા મારી રૂબરૂની સહી છે આરોપીઓને સ્વ ખુશી આરોપીઓને ગુનાના કામે વાપરેલ હથીયાર રજુ કરતા લાકડી રજુ કરેલી તેમજ આરોપી નરેશભાઇ કાનજીભાઇ મારી નાઓને લાકડી રજુ કરેલી જાહેરનામા અમલમા જેની નકલ તપાસના કામે સામેલ રાખેલ આંક:૧૫૧ ત્યારબાદ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાજ"શીટ દાખલ કરેલી.જયારે બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, એ વાત ખરી છે કે,બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાકના મકાનો આવેલા છે મુદ્દામાલ આરોપી પાસેથી કબજે કરેલાનુ પંચનામુ રૂબરૂ કરેલ નથી બીટમા આવતા ગામડાઓમા પ્રસિધ્ધી માટેની કોઇ કાર્યવાહી કરેલ તેવુ બનેલ નથી આ કામે ખોટુ ચાર્ઝશીટ કરેલ છે.

(૯) ઉપરોક્ત, સાહેદોની સોગંદપર ની જુબાની ધ્યાને લેતા, સાથે, ઈ.પી.કો કલમ – ૫૦૬(૨), સાથે ૧૧૪ તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે, રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા, **૨૦૦૨(૧) જી.એલ.એચ.(યુ.જે) ૪ મુન્સફખાન યાસીનખાન પઠાણ અને બીજાઓ વિરૂદ્ધ ગુજરાત રાજયના** કેસમાં એવુ પ્રતિપાદીત કરવામાં આવેલુ છે કે ઇ.પી.કોડની કલમ – ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર થવા માટે જરૂરી તત્વ તરીકે ફરિયાદીને જેણે આવી ધમકી આપી હોય તેના તરફથી સતત ભયની ઘંટડી વાગતી રહેવી જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો માત્ર ધમકી આપ્યાની હકીકત જણાવી દેવા માત્રથી ઇ.પી.કોડની કલમ – ૫૦૬(૨) મુજબનો ગુન્હો પુરવાર થઇ જતો નથી પરંતુ જેને આવી ધમકી આપવામાં આવેલી છે તે વ્યકિત સતત ભયના ઓથાર હેઠળ જીવી રહી છે તેવુ પુરવાર કરવુ પડે. માત્ર કોઇ શબ્દોના ઉચ્ચારણ થી ફરિયાદીને આવો ભય ઉત્પન્ન થઇ ગયેલો ગણાય નહી. હાલના કેસમાં જોઇએ તો, ફરિયાદપક્ષે પોતાના સમગ્ર પુરાવામાં તેણી સતત ભયના ઓથાર હેઠળ જીવી રહી હોય તેવી હકીકત પુરવા કરી શકેલ નથી. આ સંજોગોમાં ઇ.પી.કોડની કલમ – ૫૦૬(૨) મુજબના ગુનાની હકીકત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ છે. તથા જાહેરનામાની પ્રસિદ્ધિની ત.ક.અમલદાર ને જાતમાહિતી નથી તથા આ જાહેરનામાને કઇ કઇ જગ્યાએ પ્રસિદ્ધ કરવામાં આવેલું તેની પણ જાતમાહિતી નથી. વધુમાં નામદાર બોમ્બે હાઇકોર્ટના **એ.આઇ.આર.**

**૧૯૫૬ બોમ્બે ૬૮૦, ધી સ્ટેટ વિરૂદ્ધ અઝીઝખાન સુબેદારખાન** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંતો મુજબ હાલના ગુન્હાના કામે જાહેરનામાની પ્રસિદ્ધિ ક્યારે, કઇ જગ્યાએ થયેલી તથા જાહેરનામું કયા સમયગાળા દરમ્યાન અમલમાં હતુ તે અંગે ત.ક.અમલદારના પુરાવામાં કોઇ હકીકત જણાઇ આવતી ન હોય, સદરી ચુકાદો આરોપીઓને સમર્થનકારક હોવાનું જણાય છે. વધુમાં, નામ.સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિ. દિલ્હી એડીમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ક્રાઇમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં.૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો નહોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઇએ નહી. વધુમાં પુરાવાના કાયદાનો સિદ્ધાંત છે કે, પુરાવાના જથ્થા કરતા તેની ગુણવતા જરૂરી છે અને ગુણવતાયુક્ત અને વિશ્વસનીય પુરાવો નોંધવો જોઇએ. ઉપરોક્ત સમગ્ર પુરાવો ધ્યાને લેતા, ફરિયાદ પક્ષે આરોપીઓ દ્વારા બનાવના દિવસે અને સ્થળે ફરીયાદીને કેહવાતા હથીયાર થી ઈજા કરવામાં આવેલ હોવાની અને સદર ગુનો આરોપી નં.૧ થી ૨ નાઓએ એકબીજાની મદદગારી કરેલ હોવાની હકીકતો પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલ છે અને રેકર્ડ પર રજુ ફરીયાદી ઈજા પામનાર અને તબીબના મહત્વના પુરાવામાં મહત્વનો હથીયાર અને ઈજા અંગે અને સ્થળ પર આરોપીઓની હાજરી અંગે વિરોધાભાસ પ્રસ્થાપિત થયેલ છે જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## –: : હુકમ : :–

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૨૦(૧)(૨)(૩)(૮) હેઠળ, તમામ, આરોપીઓને આંક – ૧૧૫ અને આંક – ૧૧૬ વાળી સમાધાન પુરસીસ ધ્યાને લેતા, ૩૨૩, ૫૦૪, ૧૧૪, મુજબના ગુન્હામાં સમાધાન થાત નિર્દોષ ઠરાવી,

(૨) જ્યારે, ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ – ૨૪૮ (૧) આ કામના આરોપી નં. ૧ થી ૩, ભારતીય દંડ સંહિતાની કલમ – ૫૦૬(૨), ૧૧૪ તથા બી.પી.એકટ – ૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુના માંથી શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ મુજબનો મુદામાલ અપીલ પીરીયડ પુરો થતા નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપીઓએ ક્રિમિનલ પ્રોસીજર કોડ ની કલમ – ૪૩૭(એ) હેઠળ અપીલ પિરિયડના આરોપી દીઠ રૂ.૫,૦૦૦/– (પાંચ હજારના) સદ્ધ જામીન તથા જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત, હુકમ આજરોજ તા.૩૦ મી, માહે : જુન, સને, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૩૦/૦૬/૨૦૨૬**
**સ્થળ : ભીલોડા**

**(આનંદ એ. દવે)**
**જયુડિ. મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**ભિલોડા. GJ–૦૧૪૪૨**